ખંભાળિયા નગરપાલિકામાં સ્વચ્છતા રેલી

ખંભાળિયા તા. ૨૪: દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરપાલિકા દ્વારા જી.વી.જે. સ્કૂલ તેમજ દા.સું. ગર્લ્સ હાઈસ્કૂલ તેમજ એસ.એન.ડી.ટી. સ્કૂલના સહયોગથી આયોજીત આ રેલીમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નગરપાલિકા ઉદ્યાનથી શરૂ થયેલ આ રેલીમાં 'પ્લાસ્ટિક મુક્ત ભાર', 'સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત' નારાઓ લગાવી અને પ્લેકાર્ડ હાથમાં લઈ ખંભાળિયાના રાજમાર્ગ પર નીકળેલા સ્વચ્છાગ્રહી છાત્રોએ નાગરિકોનું ધ્યાન ખેચ્યું હતું અને તેમને સ્વચ્છતાપ્રદ આદતો અપનાવવા પ્રેર્યા હતાં. વિદ્યાર્થીઓએ 'હું છું સ્વચ્છાગ્રહી' સેલ્ફી પોઈન્ટ પર ફોટા પડાવીને સ્વચ્છતા અપનાવવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

॥ રોકાણકારોની શ્રધ્ધા અટૂટ અને વિશ્વાસનું પ્રતિક ॥
ઈન્વેસ્ટમેન્ટ પ્રોફાઈલર
Stock Market Trading Consultancy
www.nikhilbhatt.in
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

નિફ્ટી ફ્યુચર ૨૫૮૦૮ પોઈન્ટ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો.... વૈશ્વિક બજારોમાં રિકવરી સાથે ભારતીય શેર બજારોમાં વિદેશી ફંડોનો જંગી પ્રવાહને આકર્ષતા જોવાયેલી તોફાની તેજી બાદ ચાઈનાએ પણ વ્યાજ દરમાં ઘટાડો કરતાં ફંડોની આક્રમક ખરીદીએ સેન્સેક્સ, નિફ્ટી નવા શિખરે પહોંચ્યા હતા.સેન્સેક્સ ૪૫ પોઈન્ટના ઉછાળા સાથે ૮૪૯૬૬ ના સ્તરે હતો.જ્યારે નિફ્ટી ફ્યુચર ઈન્ડેક્સ ૪૪ પોઈન્ટની ઉછાળા સાથે ૨૫૯૬૩ ના સ્તરે કામકાજ કરી રહ્યો હતો,જ્યારે બેન્ક નિફ્ટી ફ્યુચર ઈન્ડેક્સ ૭૦ પોઈન્ટની ઉછાળા સાથે ૫૪૧૩૦ ના સ્તરે કામકાજ કરી રહ્યો હતા.

સ્મોલ, મિડ કેપ શેરોમાં આજે સિલેક્ટિવ આકર્ષણ રહ્યા સાથે એ ગ્રુપના શેરોમાં આકર્ષણ રહેતાં માર્કેટબ્રેડથ એકંદર પોઝિટીવ રહી હતી. પરંતુ ઘણા શેરોમાં ઉછાળે વેચવાલી રહેતાં ઘટનાર શેરોની સંખ્યા વધી હતી.ચોમાસું સફળ સારૂ રહેતાં અને તહેવારોની સીઝન શરૂ થઈ જતાં દેશમાં વાહનોની ખરીદી વધવાના અંદાજોએ ઓટોમોબાઈલ કંપનીઓના શેરોમાં ફંડોએ આજે આક્રમક પસંદગીની ખરીદી કરતાં ઉછાળો જોવા મળીયો. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ કંપનીઓના શેરોમાં પણ ફંડોએ આજે પસંદગીની આક્રમક ખરીદી કરી હતી. ઓઈલ-ગેસ શેરોમાં ફંડોની આજે મોટી ખરીદી રહી હતી. રિયાલ્ટી કંપનીઓના શેરોમાં આજે ફંડોએ ફરી આક્રમક ખરીદી કરી હતી.

આજના કારોબારમાં ટોપ ગેનર્સમાં ટાઈટન કંપની,શ્રીરામ ફાઈનાન્સ, વોલ્ટાસ, ભારત ફોર્જ,ગોદરેજ પ્રોપટી,ગુજરાત ગેસ,એસીસી, ,ટાટા કેમિકલ્સ, વિપ્રો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, અંબુજા સિમેન્ટ્સ, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, બાટા ઈન્ડિયા, કોલ્પાલ, લાર્સેન, મેટ્રોપોલિસ, ઈન્ડીગો, કોલ્પાલ, ભારતી એરટેલ, ઓરબિંદો ફાર્મા, ડીએલએફ, ઈન્ફોસીસ, મુથૂટ ફાઈનાન્સ, ટીસીએસ, હેવેલ્લ્સ, સિપ્લા, ટેક મહિન્દ્રા, સન ફાર્મા, મહાનગર ગેસ બેર્જર પેઈન્ટ્સ, જેવા શેરો વધારો થયો છે. આજના ટોપ લુઝર્સની યાદીમાં બજાજ ફીનસેર્વ, ઝાયડસ લાઈફ, ડીએલએફ જેવા શેરો ઘટાડો થયો છે.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ તો ગઈકાલે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૨૭%ના ઘટાળા સાથે બંધ રહ્યો હતો.જ્યારે એસ એન્ડ પી ૫૦૦ ૦.૨૮% વધીને અને નેસ્ડેક ૦.૧૪% વધીને સેટલ થયા હતા.બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૯૮% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૬૭% વધીને ટ્રેડ થઈ રહ્યા હતા.

બીએસઈમાં મંગળવારે કુલ ટ્રેડીંગ થયેલી ૩૦૯૯ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૧૩૫ અને વધનારની સંખ્યા ૧૮૨૯ રહી હતી,૧૩૫ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો.જ્યારે ૪૧ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૧૪૧ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બજારની ભાવિ દિશા.... મિત્રો, વૈશ્વિક બજારોને અમેરિકાએ ગત સપ્તાહમાં વ્યાજ દરમાં અનપેક્ષિત અડધા ટકાનો ઘટાડો કરીને આશ્ચર્યમાં મુકયા સાથે ઊંચા વ્યાજ દરની કમાણી કરનારા વિદેશી ફંડોને ફરી ભારત સહિતના વિકાસશીલ રાષ્ટ્રોના તુલનાત્મક ઊંચું વળતર અપાવતાં બજારોમાં પોતાના ફંડને રોકવા માટે આકર્ષિત કર્યા છે. એટલે કે યુ.એસ. ફેડરલ રિઝર્વનો અડધા ટકાનો વ્યાજ દર ઘટાડો ભારત માટે નાણાનો અઢળક પ્રવાહ ઠલવાય એ માટે આશીર્વાદરૂપ નીવડયો છે. ભારતીય બજારોમાં સતત વિક્રમી તેજીની દોટ મૂકતાં સેન્સેક્સે અને નિફ્ટીએ નવો ઈતિહાસ રચ્યો છે.જ્યારે સ્મોલ, મિડ કેપ શેરોમાં વળતર ઘટવાની સાથે ઘણા શેરોમાં તક ઝડપીને ફંડો, ખેલાડીઓએ રોકાણ હળવું કર્યાનું સ્પષ્ટ જોવાઈ રહ્યું છે. જેથી તેજીના આ વિક્રમી ફૂંકાળામાં વધી ગયેલા શેરોમાં નફો બુક કરતાં રહેવું સલાહભર્યું છે. ચુનંદા સારા ફંડામેન્ટલ ધરાવતા શેરોમાં ખૂબ જ મર્યાદિત રહીને રોકાણ કરવું હિતાવહ રહેશે.વૈશ્વિક પ્રવાહો, જીઓપોલિટીકલ ટેન્શન વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકાની મુલાકાત પર ભારતીય બજારોની આગામી દિવસોમાં નજર રહેશે.વદેશી રોકાણકારોનો ભારતમાં પસંદગીના ક્ષેત્રોમાં જ ઈન્ફલોસ જોવા મળવાની ધારણાં છે,ખાસ કરીને આઈટી ક્ષેત્રમાં વિદેશી રોકાણકારોનો રસ વધી શકે છે.

એમસીએક્સ ગોલ્ડ : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે ઓકટોબર ગોલ્ડ રૂા.૭૫૬૨૧ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂા.૭૫૬૫૯ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂા.૭૫૨૬૦ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૧૫ પોઈન્ટના ઘટાળા સાથે રૂા.૭૫૫૯૦ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

એમસીએક્સ સિલ્વર : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે ડીસેમ્બર સિલ્વર રૂા.૯૦૧૭૭ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂા.૯૦૨૩૦ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂા.૮૮૩૪૧ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૦૧ પોઈન્ટના ઉછાળા સાથે ૮૯૨૩૦ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી ટ્રેડીંગ સંદર્ભે સ્ટોક સ્પેશીફીક અંદાજીત રુખ

કોટક મહિન્દ્રા બેન્ક (૧૯૩૨) : કોટક મહિન્દ્રા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂા.૧૯૧૯ આસપાસ ટ્રેડીંગ થતો આ સ્ટોક રૂા.૧૯૦૯ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂા.૧૯૪૪ થી રૂા.૧૯૬૦ સુધી તેજી તરફી ધ્યાન...!!!

ઓબેરોઈ રીયાલીટી (૧૮૯૬) : ટેકનીકલ ચાર્ટ મુજબ રૂા.૧૮૭૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂા.૧૮૬૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂા.૧૯૧૧ થી રૂા.૧૯૨૮ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે.!!!

ગ્લેનમાર્ક ફાર્મા (૧૭૧૦) : ૧૭૦૧ નો પ્રથમ તેમજ રૂા.૧૬૯૦ ના ફાર્માસ્યુટિકલ સેક્ટર રોકાણલક્ષી આ સ્ટોક રૂા.૧૭૨૧ થી રૂા.૧૭૩૩ સુધીની તેજી તરફી રુખ નોંધાવશે...!!!

એક્સીસ બેન્ક (૧૨૪૦) : પ્રાઈવેટ બેન્ક સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂા.૧૨૫૩ થી રૂા.૧૨૭૦ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂા.૧૨૨૧ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

વિપ્રો લીમીટેડ (૫૩૧) : રૂા.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂા.૫૧૫ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક કમ્પ્યુટર્સ - સોફ્ટવેર અને કન્સલ્ટિંગ ના આ સ્ટોકમાં તેજી તરફી રૂા.૫૪૧ થી રૂા.૫૫૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ...!!!

લેખક સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટના પ્રોપરાઈટર છે.

ખાસ નોંધ: ડિસ્કલેમર/પોલિસી/શરતો www.nikhilbhatt.in ને આધીન

મહાનુભાવોની ઉપસ્થિતિમાં રઘુવંશીઓ દ્વારા રાસ-ગરબાની રમઝટ બોલી:

જામનગર રઘુવંશી કલરવ પરિવાર દ્વારા વેલકમ નવરાત્રિ મહોત્સવ

જામનગર તા. ૨૪: જામનગર રઘુવંશી કલરવ પરિવાર દ્વારા આયોજીત જામનગર શહેરના સમગ્ર રઘુવંશી સમાજ માટે વેલકમ નવરાત્રિ મહોત્સવ-૨૦૨૪ યોજાયો હતો, જેમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં રંગભેર રાસ-ગરબાની રમઝટ બોલી હતી.

જામનગર રઘુવંશી કલરવ પરિવાર દ્વારા આયોજીત જામનગર શહેરના સમગ્ર રઘુવંશી સમાજ માટે વેલકમ નવરાત્રિ મહોત્સવ-૨૦૨૪ તા. ૧૫-૯-૨૪ ના રવિવારના જામનગર ખંભાળીયા બાયપાસ રોડ પર આવેલા 'ચાચા ભતીજા પાર્ટી પ્લોટ' પર ઉજવવામાં આવેલ હતો. આ રાસોત્સવમાં જામનગર શહેરના રઘુવંશી પરિવારના મોટી સંખ્યામાં ખેલૈયાઓએ પોતાની કૃતિઓ પ્રસ્તુત કરી હતી. જેમાં તાલી રાસ, પંચીયા, ફ્રી સ્ટાઈલ સાથે રાસોત્સવ રચી ઉપસ્થિત સર્વે આમંત્રીત મહેમાનો તેમજ રઘુવંશી પરિવારોને મંત્રમુગ્ધ કર્યા હતાં.

આ તકે સમસ્ત હાલાર લોહાણા સમાજના પ્રમુખ જીતુભાઈ લાલ, જામનગર લોહાણા મહાજનના પ્રમુખ ભરતભાઈ મોદી, ઉપપ્રમુખ ચેતનભાઈ માધવાણી, માનદ્‌મંત્રી રાજેશભાઈ કોટેચા, ભાજપના પૂર્વ અધ્યક્ષ મુકેશભાઈ દાસાણી, જામનગર વીરદાદા જશરાજ યુવા ફાઉન્ડેશનના પ્રમુખ ભરતભાઈ કાનાબાર, એડવોકેટ ભાવીનભાઈ ભોજાણી, જામનગર શહેરના અગ્રણી રઘુવંશીઓ ઉપસ્થિત રહેલ હતાં.

આ કાર્યક્રમને સફળ બનાવવા જામનગર રઘુવંશી કલરવ પરિવારના ફાઉન્ડર તૃપ્તીબેન ગંધા, બિમલભાઈ ગંધા, અલ્કાબેન વિઠ્ઠલાણી, દિપકભાઈ વિઠ્ઠલાણી, મિનાબેન દાસાણીએ જહેમત ઉઠાવી હતી.

રાસોત્સવમાં જજ તરીકે જાનકીબેન પંચમતીયા અને ડો. દેવલબેન વોરાએ ભૂમિકા બજાવી હતી અને સુરીલા અવાજે રાસોત્સવનું સંચાલન પૂર્વીબેન ઠક્કરે સંભાળ્યું હતું.

ખેલો રે રઘુવંશી... ખેલો રે રઘુવંશી...

બાજુમાં આવેલા ત્રણ ઝૂંપડા માંડ બચ્યા:

ખંભાળિયામાં ઝૂંપડામાં ભભૂકી ઉઠી આગ

ખંભાળિયા શહેરમાં નવી મામલતદાર ઓફિસ પાસે લોહાણા મહાજન વાડી નજીક ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ગઈકાલે એક ઝૂંપડામાં કોઈ કારણથી આગ ભભૂકયા પછી તેની જાણ થતાં દોડી ગયેલી ફાયરબ્રિગેડની ટીમે તાત્કાલિક કામગીરી હાથ ધરી હતી. જેના કારણે બાજુમાં જ આવેલા ત્રણ ઝૂંપડા તેની લપેટમાં આવતા બચી ગયા હતા. આ ઝૂંપડું સળગીને ખાખ થઈ ગયું હતું.

સર્વાનુમત્તે કરાઈ પસંદગી:

શ્રી વિશ્વનાથ વ્યાયામ પ્રચારક મંડળના હોદ્દેદારો તથા કારોબારી સભ્યોની વરણી

શ્રી વિશ્વનાથ વ્યાયામ પ્રચારક મંડળ-જામનગરના તમામ પદાધિકારીઓ અને કારોબારી સભ્યોની સર્વાનુમત્તે વરણી કરવામાં આવી હતી. તે મુજબ પ્રમુખ તરીકે નરેન્દ્રભાઈ સી. મહેતા, ઉપપ્રમુખ દર્શનભાઈ જે. ઠક્કર, મંત્રી પરસોત્તમભાઈ ડી. પરમાર, સહમંત્રી મયુરધ્વજસિંહ જી. જાડેજા, ખજાનચી રજનીકાન્ત જે. દાઉદિયાની વરણી થઈ હતી. કારોબારી સભ્યોમાં સુરેશભાઈ ડી. કુંભારાણા, નટુભા ટી. પઢિયાર, જયેશભાઈ કે. છત્રાળા, હસમુખભાઈ ડી. કુંભારાણા, મયુરભાઈ એમ. ભટ્ટ, વિજયભાઈ પી. ગાંધી, પ્રવિણભાઈ પી. વારા, અશોકભાઈ એલ. ચાંદ્રા, રાજેશભાઈ એન. જેઠવાની વરણી કરવામાં આવી હતી.

જામનગર સી.એ. બ્રાન્ચ દ્વારા યોજાયો એઆઈ અને સાઈબર ક્રાઈમ અંગે સેમિનાર

જામનગર તા. ૨૪: ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાની જામનગર બ્રાન્ચ દ્વારા વન ડે વર્કશોપ "નેવીગેટિંગ ધ ફ્યુચર" (એનહેન્સીંગ એઆઈ નોલેજ એન્ડ સ્કીલ્સ) ના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈસીએઆઈના સેન્ટ્રલ કાઉન્સીલ મેમ્બર સીએ વિશાલ દોશીએ "પ્રેક્ટિસ મેનેજમેન્ટ ટ્રલ્સ" ના વિષય પર કાનપુરથી આવેલ આઈસીએઆઈના પૂર્વ સેન્ટ્રલ કાઉન્સીલ મેમ્બર સીએ મનુ અગ્રવાલે "નેક્સ્ટ સીએ-લેવરેજિંગ એઆઈ ફોર સક્સેસ" ના વિષય ઉપર તથા જામનગરની સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમમાં પી.એસ.આઈ. એચ.કે. ઝાલાએ "સાઈબર ક્રાઈમ લો એન્ડ રેગ્યુલેશન એન્ડ ઓવરવ્યુ ઓફ ઈન્ટરનેશનલ એન્ડ નેશનલ લો" ના વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

આ કાર્યક્રમમાં ચેરમેન સીએ પ્રિતેશ મહેતા, વાઈસ ચેરમેન સીએ હરદીપસિંહ જાડેજા, સેક્રેટરી સીએ મહમદ સફી કુરેશી, ખજાનચી સીએ, જયદીપ રાયમંગિયા, જામનગર બ્રાન્ચ ઈમિડીએટ પાસ્ટ ચેરમેન સીએ પ્રતિક ચાંદ્રા, પાસ્ટ ચેરપર્સન સીએ દીપા ગોસ્વામી તથા સીએ મેમ્બર તથા સીએના વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

શિવશક્તિ મિત્ર મંડળ દ્વારા ગણપતિ ઉત્સવ

જામનગરના પટેલ કોલોની-૯માં શિવશક્તિ મિત્ર મંડળ દ્વારા આ વર્ષે પણ ગણપતિ ઉત્સવ યોજાયો હતો. ઉત્સવ દરમિયાન વિવિધ ગ્રુપ દ્વારા ભજન-કીર્તન રજુ કરાયા હતા તથા રહેવાસીઓ દ્વારા આરતી-પ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ હતું. વિદ્યાર્થીઓએ ગણપતિના ચિત્રો બનાવી સ્વચ્છતા તથા વ્યસન મુક્તિનો સંદેશ આપ્યો હતો. કરાઓકે સંગીતનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. હવન સાથે ગણપતિ ઉત્સવની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. મંડળના મિત પટેલ, ધર્મેન્દ્રસિંહ, રજાકભાઈ, વિપુલભાઈ, કરનભાઈ, ધ્વનીતભાઈ, વિક્રમભાઈ, હિતેશભાઈ આ ઉત્સવમાં ભાગ લીધો હતો.

ખત્રી મુસ્લિમ જમાત દ્વારા ઈનામ વિતરણનો કાર્યક્રમ

જામનગર તા. ૨૪: જામનગર હાલાઈ મુસ્લિમ ખત્રી જમાત જામનગર તથા ખત્રી મહેફિલે ઈસ્લામ દ્વારા જામનગર કચ્છી ખત્રી જમાતખાનામાં શિક્ષણલક્ષી ઈનામી મેડાવડાનું આયોજન કરવામાં આવેલ જેમાં કેજીથી કોલેજ ડીગ્રી સુધીના વિદ્યાર્થીઓને યોગ્ય ઈનામ આપી પોત્સાહિત કરવામાં આવેલ. આ તકે ઓલ ઈન્ડિયા હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશનના પ્રમુખ જનાબ મુસ્તાકભાઈ ગિરાચ તથા ફેડરેશન બોડીના સભ્યોએ હાજરી આપી ઉત્સાહ વધારેલ કાર્યક્રમમાં હાલાઈ મુસ્લિમ ખત્રી જમાતના પ્રમુખ જનાબ અકિ લીયા, મહેફીલે ઈસ્લામના પ્રમુખ જનાબ મો. હુશેનભાઈ ઘુમરા અને ખત્રી જમાતની બોડી સભ્યોએ સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવેલ. કાર્યક્રમની રૂપરેખા આપવામાં જનાબ સાલીમભાઈ ઘુમરા, અનવરભાઈ ટાયેરીયા, શકીલ લતીફભાઈ, શકીલ યુસુફભાઈએ જહેમત ઉઠાવી હતી.

અર્ક ધીરજ આપણામાં રહેલી નિર્બળતામાં સહાયક જણાય છે.

આપની આવતીકાલ

જ્યોતિષી: ઋષિ બટુકભાઈ શાસ્ત્રી, મો. ૯૮૯૯૦ ૬૦૮૮૬

મેષ (અ-લ-ઈ) — આપે આવેશ-ઉશ્કેરાટમાં આવ્યા વગર શાંતિથી દિવસ પસાર કરી લેવો. રાજકીય-સરકારી કામમાં સંભાળવું. શુભ રંગ: લીલો — શુભ અંક: ૨-૮

વૃષભ (બ-વ-ઉ) — માનસિક પરિતાપ-વ્યગ્રતા છતાં આપના કામમાં વ્યસ્ત રહેવાનો પ્રયાસ કરો. વિચારોની અસમંજસતા અનુભવાય. શુભ રંગ: પીળો — શુભ અંક: ૧-૬

મિથુન (ક-છ-ઘ) — આપના કાર્યની સાથે સામાજિક-વ્યવહારિક કામકાજમાં આપે વ્યસ્ત રહેવાનું બને. ધંધામાં આવક જણાય. શુભ રંગ: સફેદ — શુભ અંક: ૫-૯

કર્ક (ડ-હ) — આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવી કાર્યરચના થવાથી આનંદ-ઉત્સાહ અનુભવાય. ભાંડુંનો સહકાર મળી રહે. શુભ રંગ: દૂધિયા — શુભ અંક: ૬-૪

સિંહ (મ-ટ) — આપના કામમાં કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલીનો અનુભવ થાય. જમીન-મકાનના કામમાં ઉતાવળ કરવી નહીં. શુભ રંગ: લાલ — શુભ અંક: ૪-૨

કન્યા (પ-ઠ-ણ) — આપના રૂકાવટ-વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે-ધીરે ઉકેલ આવતો જાય. વાણીની મીઠાશથી ફાયદો રહે. શુભ રંગ: બ્લુ — શુભ અંક: ૫-૮

તુલા (ર-ત) — આપના કાર્યની સાથે સહકર્મીનું કામ આવી જતા, બીજું કોઈ કામ આવી જતા આપના દોડધામ-શ્રમમાં વધારો થાય. શુભ રંગ: મરૂન — શુભ અંક: ૯-૪

વૃશ્ચિક (ન-ય) — આપના કાર્યમાં અન્યનો સાથ-સહકાર મળી રહે. રાજકીય-સરકારી, ખાતાકીય કામમાં સાનુકૂળતા રહે. શુભ રંગ: ક્રીમ — શુભ અંક: ૬-૪

ધનુ (ભ-ધ-ફ-ઢ) — આપને કામમાં પ્રતિકૂળતાનો અનુભવ થાય. નાણાકીય રોકાણ-વ્યવહારના કામમાં આપે સાવધાની રાખવી પડે. શુભ રંગ: ગ્રાઈન — શુભ અંક: ૩-૯

મકર (ખ-જ) — જેમ દિવસ પસાર થાય તેમ આપના કાર્યમાં સાનુકૂળતા થતી જાય. નોકરી-ધંધાના કામ અંગે બહાર જવાનું બને. શુભ રંગ: જાંબલી — શુભ અંક: ૨-૭

કુંભ (ગ-શ-સ) — આપના કામમાં વ્યસ્ત રહીને દિવસ પસાર કરવો. જમીન-મકાન-વાહનની લે-વેંચના કામમાં સાનુકૂળતા મળી રહે. શુભ રંગ: ગુલાબી — શુભ અંક: ૫-૮

મીન (દ-ચ-ઝ-થ) — આપના કાર્યમાં આકસ્મિક સાનુકૂળતા મળી રહેતા કામનો સમયસર ઉકેલ લાવી શકો. સીઝનલ ધંધામાં લાભ થાય. શુભ રંગ: પીળો — શુભ અંક: ૩-૯

આવતીકાલનું પંચાગ

સુર્યોદય : ૬-૪૮ સુર્યાસ્ત : ૬-૪૦

દિવસના ચોઘડીયા
(૧) લાભ (૨) અમૃત (૩) કાળ (૪) શુભ (૫) રોગ (૬) ઉદ્વેગ (૭) ચલ (૮) લાભ

રાત્રિના ચોઘડીયા
(૧) ઉદ્વેગ (૨) શુભ (૩) અમૃત (૪) ચલ (૫) રોગ (૬) કાળ (૭) લાભ (૮) ઉદ્વેગ

વિક્રમ સંવત: ૨૦૮૦, ભાદરવા વદ-૮ : તા. ૨૫-૦૯-૨૦૨૪, બુધવાર
જૈન સંવત: ૨૫૫૦, ચાતુર્માસ: ૫૪૪૯, યુગાબ્દ : ૫૧૨૬, પારસી રોજ : ૧૨, મુસ્લિમ રોજ: ૨૧, નક્ષત્ર: શતભિષા, યોગ: વરિયાન, કરણ: તૈતિલ

જન્મેલાનું વર્ષફળ

તા. ૨૫ - સપ્ટેમ્બરના દિવસે

આ સમયમાં આપે ક્યારેક શારીરિક તો ક્યારેક માનસિક સ્વાસ્થ્યની કાળજી રાખવી પડે. બેદરકારીમાં રહેવું નહીં. નોકરી-ધંધામાં આપના કામમાં કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલી અનુભવાય. યાત્રા-પ્રવાસનું આયોજન શક્ય બને. નાણાકીય સ્થિતિ સરભર બની રહે. ઘર-પરિવારના પ્રશ્નો ઉકેલાતા રાહત અનુભવાય. મિત્રો-સ્વજનોનો સાથ-સહકાર મળી રહે.

બાળકની રાશિ: મિથુન

શેરબજાર

બપોરે ૨-૦૦ વાગ્યે

	NSE +૭	BSE +૬૬
ઈન્ડેક્ષ	૨૫૯૪૫	૮૪૯૫૦
રિલાયન્સ	૨૯૮૫	૨૯૮૬
એસબીઆઈ	૮૦૨	૮૦૩
ટીસ્કો	૧૫૦	૧૬૦
ઓએનજીસી	૨૯૭	૨૯૮
એસીસી	૨૪૬૬	૨૪૬૭
ટેલ્કો	૬૭૬	૬૭૭
ઈન્ફોસીસ	૧૮૮૭	૧૮૮૮
ગ્રી ટીવી	૧૨૭	૧૨૮
ટીસીએસ	૪૨૫૭	૪૨૫૮
એચ એન્ડ ટી	૩૮૦૯	૩૮૧૦
મારૂતી	૧૨૭૫૦	૧૨૮૫૧
એક્સીસ બેંક	૧૨૪૧	૧૨૪૨
બેંક નિફ્ટી	૫૪૧૧૩	૫૪૦૬૦

સૌજન્ય: ઉમેશ વોરા - મારૂતિ ઈન્વેસ્ટમેન્ટ

જશ્ને વિલાદતે મુસ્તફા જશ્ને શાદી મુબારક

જામનગર તા. ૨૪: જામનગરના જનાબ બોદુભાઈ અ. સતારભાઈ પીઠડીયાના નિવાસ સ્થાને લગ્ન પ્રસંગે તા. ૨૪-૯-૨૪ ના રાત્રે ૧૦-૩૦ વાગ્યે ટીંટોડી વાડી, ખોજાનાકા પાસે વાએઝ શરીફનો નુરી જલ્સો યોજેલ છે. જેમાં રતનબાઈ મસ્જીદના મૌલાના મુસ્તાકબાપુ ચિશ્તી કાદરી હબીબી પોતાની આગવીનું શૈલીમાં નુરી તકરીર ફરમાવશે. તકરીર પછી નાત શરીફનો કાર્યક્રમ રાખેલ છે. જેમાં મશ્હુર નાતખવા સૈયદ ફરીદ અહેમદ બુખારી, મોઈન ચનાણી, સુહાન પીઠડીયા વગેરે નાઅતો મનકબાપુ પેશ કરશે.

શબ્દવ્યૂહ ૬૦૭૧

આડી ચાવી
૧. સમર્થન ----------(૨
૩. મોટા પ્રમાણમાં પડતાં આંસુ----------(૩
૫. વર્તન, ચાલચલગત----(૪
૭. પખવાડિયાની ચોથી તિથિ ----------(૨
૯. હોંશિયાર, ચપળ -----(૩
૧૧. એક પ્રકારનું નાકનું આભૂષણ ----------(૩
૧૩. શેકીને ચપટા કરેલા ચોખા----------(૨
૧૪. સબરસ, મીઠું --------(૩
૧૬. દૂધની મલાઈ---------(૨
૨૦. ગુજરાતી મૂળાક્ષરનો ચૌદમો વ્યંજન-------(૧
૨૧. મુડ્ડો ----------(૨

ઊભી ચાવી
૨. જન્મના ગામ, સ્થળ કે દેશ ----------(૩
૪. તર્ક, માનસિક ખ્યાલ --(૩
૬. રીત, પદ્ધતિ ---------(૩
૭. ખુલ્લી વિશાળ જગ્યા --(૩
૮. પુંજી, મતા, મિલકત ---(૨
૧૦. ગુસ્સાથી બેબાકળું -----(૪
૧૨. કાળીઓ-પાંદડા વિનાનો ઝાડનો મૂળ ભાગ-----(૨
૧૫. આંખનો પલકારો------(૩
૧૬. કટાક્ષયુક્ત વેધક શબ્દ કે વિધાન----------(૩
૧૭. વ્યક્તિગત, નિજી------(૩
૧૮. ફૂંટા કે પાઘડીનો કલગી જેવો છેડો----------(૨
----------.

આડી ચાવી (૨) માહિત (૫) પા (૬) પડ (૭) ગર્ભ (૧૨) રગ (૧૩) અરિ (૧૪) મરણ (૧૫) જવ (૧૭) છૂ (૧૮) ડોલ્યી (૧૯) એકીટશે

ઉભી ચાવી (૧) મુઠભેડ (૨) માલિશ (૩) તરંગ (૪) તાપ (૮) શિખામણ (૯) દરગુજર (૧૦) કરામત (૧૧) દરિયો (૧૬) મેડો

ઉકેલ કોયડા નં. ૬૦૭૦